# આકાશવાણી ભુજ

સમાચારવાચક: જાગૃતિ વકીલ

કમ્પ્યુટરરાઈઝ : અમૃતા સીજુ

તારીખ :૨૪-૦૬-૨૦૨૪ સમય: સાંજે :06.25

## નવા સસંદસભ્યો શપથ

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ રાષ્ટ્રપતિ ભવનમાં ભાજપ સાંસદ ભર્તુહરિમહતાબને 18મી લોકસભાના પ્રૉટેમ સ્પીકર તરીકે શપથ ગ્રહણ કરાવ્યા હતા. આ પ્રસંગે ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પણ ઉપસ્થિત રહ્યા હતા.18મી લોકસભાના પહેલા સત્રનો આજથી વિધિવત્ રીતે પ્રારંભ થયો છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગૃહના સભ્ય તરીકે શપથ ગ્રહણ કરનારા પ્રથમ સભ્ય રહ્યા. પ્રોટેમ સ્પીકર ભર્તુહરિ મહતાબે શ્રી મોદીને શપથ લેવડાવ્યા હતા. ત્યારબાદ લોકસભાના નવા અધ્યક્ષની ચૂંટણી થાય ત્યાં સુધી લોકસભાની કાર્યવાહી ચલાવવામાં શ્રી મહતાબને મદદ કરવા માટે નિયુક્ત અધ્યક્ષની પેનલે પણ શપથ લીધા હતા. આ સત્ર દરમિયાન બુધવારે નવા લોકસભાના અધ્યક્ષની ચૂંટણી યોજાશે. ત્યારબાદ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ગુરૂવારે સંસદમાં બંને ગૃહની સંયુક્ત બેઠક સંબોધશે.રાજ્યસભાના સત્ર ગુરૂવારે શરૂ થશે. સંસદ સત્ર આગામી 3 જુલાઇ સુધી ચાલશે.

NATIONAL NEWS

---

## લોકસભા પીએમ મોદી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, વિકસિત ભારતના નિર્માણના સંકલ્પ સાથે 18મી લોકસભાના સત્રનો આજથી પ્રારંભ થયો છે. તેમની સરકાર દેશની સેવાકરવા અને લોકોની આકાંક્ષાઓને પૂર્ણ કરવા સતત પ્રયાસ કરશે. સત્ર પહેલા સંસદની બહાર પત્રકારોને સંબોધતા શ્રી મોદીએ કહ્યું કે, સરકાર ચલાવવા માટે બહુમતી જરૂરી છે, પરંતુ દેશ

ચલાવવા માટે સર્વસંમતિ ખૂબ જ જરૂરી છે. તેમનીસરકાર તમામને સાથે લઈને અને બંધારણની પવિત્રતા જાળવીને ઝડપથી નિર્ણયો લેવા માગે છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે, આઝાદી પછી પહેલી વખત લોકસભાના સાંસદોનો શપથગ્રહણ સમારોહ નવા સંસદ ભવનમાં યોજાઈ રહ્યો છે. આઝાદી પછી બીજીવખત દેશની જનતાએ સતત ત્રીજી વખત સરકારને સેવા કરવાની તક આપી છે. વિપક્ષ લોકતંત્રની ગરિમા જાળવી રાખે તેની આશા રાખીએ છીએ.

REGIONAL NEWS

---

## શાળા પ્રવેશોત્સવ – ૨૦૨૪

**આગામી તા ૨૬ થી ૨૮ જુન પ્રવેશોત્સવ – ૨૦૨૪ને લઈને ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને આજરોજ ગાંધીનગર ખાતે બ્રિફિંગનું મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. કચ્છ જિલ્લા કલેકટરશ્રી અમિત અરોરા સહિત વહીવટીતંત્રના ઉચ્ચ અધિકારીઓએ આ બ્રિફિંગ મીટિંગને વર્ચ્યુઅલી નિહાળી હતી.જેમાં આપવામાં આવેલા સૂચનો અને માહિતીને ધ્યાને લઈને જિલ્લા કલેક્ટર અમિત અરોરાએ કચ્છ જિલ્લામાં યોજાનારા પ્રવેશોત્સવની તૈયારીઓની સમીક્ષા માટે અધિકારીઓ સાથે બેઠક કરી હતી.**

**જિલ્લા શિક્ષણાધિકારી શ્રી સંજય પરમાર અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ભૂપેન્દ્રસિંહ વાઘેલાએ શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમની વિગતો આપીને જણાવ્યું હતું કે, આ વર્ષના પ્રવેશોત્સવમાં બાલવાટિકાની સાથે હાઈસ્કૂલને પણ આવરી લેવામાં આવી છે. કચ્છમાં ૧૯૬૩૧બાળકોને બાલવાટિકામાં, ધોરણ ૦૧માં ૧૬૯૪૮,ધોરણ ૦૯માં પ્રવેશપાત્ર વિદ્યાર્થીઓની કુલ સંખ્યા ૨૨૬૧૩ રહેશે. પ્રવેશોત્સવ – ૨૦૨૪માં કચ્છની કુલ ૧૯૭૨ શાળાઓ/હાઈસ્કૂલોને આવરી લેવામાં આવશે.**

માહિતી ખાતુ

---

## આઈ ખેડૂત પોર્ટલ બાઇટ : હરેશ ઠક્કર

ગુજરાત સરકારના પશુપાલન વિભાગ દ્વારા પશુપાલન વ્યવસાયના વિકાસ અર્થે અમલીકૃત વિવિધ વ્યક્તિલક્ષી તેમજ સંસ્થાલક્ષી યોજનાઓનો લાભ લેવા માટે આઇ-ખેડૂત પોર્ટલ પર 15 જુલાઇ સુધી ઓનલાઇન અરજી કરી શકાશે. સહાય યોજનાઓનો

લાભ લેવા ઇચ્છતા પશુપાલકો નિયત સમયગાળામાં પશુપાલન ખાતાની વિવિધ યોજનાઓમાં અરજી કરવાની રહેશે. આ યોજનાઓ અંગે માહિતી આપતા નાયબ પશુપાલન નિયામક ડો. હરેશ ઠક્કરે આ પ્રમાણે જણાવ્યું હતું.

પરેશ મારૂ

---------------------------------------------------------------------------

## હવામાન

હવામાન વિભાગની આગાહી મુજબ રાજ્યમાં મેઘરાજાનું આગમન થવાથી ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાયો છે રાજ્યના અમુક જીલ્લાઓમાં ગઈકાલે મોડી રાત થી વરસાદી આગમન થતા અસય ગરમી થી લોકોને થોડી રાહત મળી છે.,કચ્છ જીલ્લામાં ભુજ,માધાપર ,કુકમામાં બપોરે અસય ઉકળાટ બાદ જોરદાર ઝાપટું પડતા રસ્તા પર પાણી વહી નીકળ્યા છે.

જાગૃતિ વકીલ

-------------------------------------------------------------------------